
# નંદાપીઠમાં નંદાદેવીની સોનાની મૂર્તિની પૂજા થાય છે



ત્યાર પછી ચાંદપુરગઢી વિસ્તારના સિમલી ગાંવમાં રાજજાત (મહાન યાત્રા) સંબંધી બેઠકનું આયોજન કરવામાં આવે છે. સમગ્ર રાજજાતની વ્યવસ્થા માટે રાજકુમારની અધ્યક્ષતામાં એક સમિતિની રચના થાય છે. આ સમિતિના મંત્રી નૌટીગાંવના જ હોય તેવી પરંપરા છે. રાજજાતનો કાર્યક્રમ અને યાત્રાક્રમ નિશ્ચિત કરવામાં આવે છે. રાજજાતના માર્ગમાં આવતાં બધાં જ ગામો અને સ્થાનોના જવાબદાર મહાનુભાવોને આ કાર્યક્રમની જાણ કરવામાં આવે છે. યાત્રા દરમિયાન સમગ્ર યાત્રીસંઘનાં રાત્રિનિવાસ તથા ભોજનની વ્યવસ્થા નિશ્ચિત કરવામાં આવે છે. હવે તો આ સમાચાર ભારતભરમાં અને ભારતની બહાર પણ પહોંચી જાય છે.

ચૌશિંગી બકરાના જન્મની જાણ કાસુંવાના રાજકુમારોને કરવામાં આવે પછી તરત તેનું પૂજન કરવામાં આવે છે. તેને હંમેશાં શુદ્ધ, સાત્ત્વિક અને સ્વાદિષ્ટ ભોજન આપવામાં આવે છે. તેની સંભાળ રાખવાની જવાબદારી રાજકુમારોની ગણાય છે. બકરાને નંદાદેવીનો ખાડૂ' ગણવામાં આવે છે. ખાડૂને જે ભોજન આપવામાં આવે તે નંદાદેવીને ભોગ ધરવા સમાન ગણાય છે. ભાદરવા સુદ અષ્ટમી અર્થાત્ નંદાષ્ટમીથી સત્તર દિવસ પહેલાં કાસુંવાના રાજકુમાર ખાડૂ અને છતોલી લઈને નૌટી પહોંચે છે. નૌટીની નંદાપીઠમાં નંદાદેવીની સોનાની મૂર્તિની પૂજા થાય છે. દેવીનાં વસ્ત્રો અને આભૂષણો તૈયાર કરવામાં આવે છે. પ્રતિમાને ખૂબ સારી રીતે સજાવવામાં અને શણગારવામાં આવે છે. પ્રતિમાની વિધિવત્ પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવે છે. બીજા દિવસે શુભ મુહૂર્ત પ્રમાણે નંદા-રાજજાતની બાવીસ દિવસની યાત્રાની તૈયારીઓ શરૂ કરવામાં આવે છે. સમગ્ર યાત્રાપથને બે ભાગમાં વહેંચવામાં આવે છે. પ્રારંભનો ભગોતી ક્યૂર ગધેરે સુધીનો માર્ગ તે નંદાદેવીનું પિયરક્ષેત્ર ગણાય છે. આ ચાંદપુરનો વિસ્તાર છે. આ ક્ષેત્રમાં રાજજાતની વ્યવસ્થા સંભાળવાની જવાબદારી રાજકુમારની છે અને ત્યાર પછીના આગળના ક્ષેત્રને - બધાણક્ષેત્ર કહે છે, જે નંદાદેવીનું સસુરાલ-ક્ષેત્ર છે. આ ક્ષેત્રમાં નંદા- રાજજાતની વ્યવસ્થા સંભાળવાની જવાબદારી બુટોલા થોકદારની છે.

નંદાદેવીની યાત્રા નૌટીથી પહેલાં ઈંડાબઘાણી જાય છે અને તે જ દિવસે સાંજ પહેલાં દેવી નૌટી પાછાં આવી જાય છે. પરંપરાગત માન્યતા એવી

> નંદાદેવીએ ઈંડાબઘાણીના મુખી જમનૂ ગુસઈને વચન આપ્યું છે કે દેવી પિયરથી સાસરે જતી વખતે તેમને ઘેર પધારશે અને તેમની પૂજાનો સ્વીકાર કરશે

છે કે નંદાદેવીએ ઈંડાબઘાણીના મુખી જમનૂ ગુસઈને વચન આપ્યું છે કે દેવી પિયરથી સાસરે જતી વખતે તેમને ઘેર પધારશે અને તેમની પૂજાનો સ્વીકાર કરશે. તે પ્રમાણે નંદાદેવી ઈંડાબઘાણી ગામ જઈને તેમની પૂજા સ્વીકારીને તે જ દિવસે નૌટીગાંવમાં આવી જાય છે. બીજા દિવસે નંદા-રાજજાત અર્થાત્ નંદાની યાત્રાનો પ્રારંભ થાય છે.

**મહાભારતનું મનોરૂપ**
**ભાણદેવ**

નૌટીથી નંદાની વિદાયનો પ્રસંગ તે કન્યાવિદાયનો પ્રસંગ છે. આગલી રાત્રે નંદાદેવીની વિદાયનાં ગીતો ગવાય છે. આ ગીતો દ્વારા નંદાદેવીનું આવાહન કરવામાં આવે છે. લોકોની એવી શ્રદ્ધા છે કે આ ગીતોના બોલથી ખેંચાઈને સાક્ષાત્ નંદાદેવી પધારે છે. કોઈ એક યુવતીના શરીરમાં નંદાદેવીનું અવતરણ થાય છે. તે સમયે તે યુવતી પિયરથી સાસરે જનારી નંદા જ બની જાય છે. શરીર યુવતીનું છે; પરંતુ તેમાં ચેતના નંદાદેવીની છે, તેમ સૌ સ્વીકારે છે. નંદા પિતૃપક્ષનાં સ્વજનોના વિયોગની વેદના અનુભવે છે, વિયોગના દુઃખથી રુદન કરે છે. નંદા પોતાનાં સ્વજનોને અશ્રુપૂર્ણ નયને વારંવાર નીરખે છે. ગામનાં સૌ વડીલોનાં ચરણોમાં નંદા વિદાયના પ્રણામ કરે છે. વડીલ સ્ત્રીઓ નંદાને શ્વશુગૃહમાં કેમ રહેવું, તેનો ઉપદેશ આપે છે. નંદાવિદાયના આ કરુણ પ્રસંગે આબાલવૃદ્ધ સૌનાં નયનો સજલ બની જાય છે. નંદાની વિદાય વખતે સખીઓ, બહેનો અને માતાઓ ચોધાર આંસુએ રડે છે. કન્યાવિદાયનો પ્રસંગ હંમેશાં કરુણ હોય છે અને આ તો નંદાદેવીરૂપી કન્યાની વિદાયનો પ્રસંગ છે. આ વિદાય તો સૌ માટે શતગુણ અધિક કરુણ પ્રસંગ બની જાય છે. જુઓ! જગદંબા કન્યારૂપે વિદાય લઈ રહ્યાં છે!

સામાન્યતઃ આ પ્રસંગે પશ્વા- પૂજારીઓમાંથી કોઈના શરીરમાં નંદાદેવીનો આવેશ આવે છે. દેવી તેમનાં મુખે પ્રસ્થાનનો આદેશ આપે છે અને યાત્રાનો પ્રારંભ થાય છે. ભારે હૈયે પાલખીમાં બેસીને નંદાદેવી શ્વશુરગૃહ તરફ પ્રયાણ કરે છે. હાજર રહેલાં સૌ ચૌધાર આંસુએ રડી પડે છે. વિદાયનાં કરુણ ગીતો ગવાય છે. નંદાદેવી ધમે પગલે આગળ ચાલે છે. ચૌશિંગી ખાડૂ યાત્રામાં સાથે જ ચાલે છે.

સમગ્ર યાત્રામાર્ગમાં વચ્ચે આવતાં સ્થાનોના લોકો દેવીનાં દર્શન- પૂજન માટે અવશ્ય આવે છે; પરંતુ દૂર-દૂરનાં ગામડાંઓના લોકો પણ યાત્રાપથના પોતાને નજીક પડે તેવા સ્થાને દેવીનાં દર્શન-પૂજન માટે આવે છે. લોકો દેવી માટે, સાસરે જતી કન્યા માટે અનેક પ્રકારની ભેટો લાવે છે. અનેક ગામોમાંથી છંતોલી (છત્ર) આવે છે અને યાત્રામાં સામેલ થાય છે. નંદાદેવીને ભેટરૂપે જે વસ્તુ અર્પણ કરવામાં આવે છે, તેને પહાડી ભાષામાં ભીટૌલી કે સંવોણ કહે છે. રસ્તામાં પ્રત્યેક પડાવ પર દેવીની પૂજા-અર્ચા ચાલુ જ રહે છે. દેવીને ભીટૌલી કે સંવોણ અર્પણ કરવા માટે દૂર-દૂરથી ગામલોકો આવતા હોય છે અને પોતાની માનતા પણ પૂરી કરતા હોય છે. આ રીતે ભેટ અર્પણ કરનારની કતાર બનતી હોય છે.

(ક્રમશઃ)

# શાકંભરી નવરાત્રિ

વિક્રમ સંવતના વર્ષ દરમ્યાન ચાર નવરાત્રિઓ આવે છે. શક્તિના ઉપાસકો માટે આ ચારેય નવરાત્રિઓનું ધાર્મિક મહત્ત્વતો હોય છે પણ સમગ્ર સનાતનીઓ શારદીય નવરાત્રિથી વધારે પરિચિત હોય છે તેથી તે ધામધૂમથી ઉજવાતી રહી છે. વર્ષ દરમ્યાનની એક શાંકભરી નવરાત્રિ પોષ સુદ આઠમથી પ્રારંભ થતી હોય છે મતલબ આવતીકાલે મંગળવારથી પ્રારંભ થનાર નવરાત્રિ પોષી પૂનમ સુધીની હશે. સનાતની પ્રત્યેક તહેવારો, વ્રત, વિવિધ પ્રકારના હવનો, પૂજનોના રસપ્રદ તથ્યો રહેલા હોય છે તો પ્રત્યેક દેવી-દેવતાઓ સાથે પૌરાણિક વેદોકત કથાઓ પણ જોડાયેલી હોય છે. અહી શાંકભરી દેવીની વાત છે ત્યારે કયાંક શાકમ્ભરીને બદલે શાકંભરી પણ લખાતું હોય છે. અર્થ એક જ થતો હોય ત્યારે વ્યાકરણ ગૌણ બની જાય છે.

શાકંભરી દેવી એ પાર્વતીનું જ એક સ્વરૂપ છે. જેના પ્રાગટયની કથા રસપ્રદ છે. હિરણ્યાક્ષના વંશમાં દૈત્યરાજ રૂરુ થઈ ગયા અને તેનો પુત્ર દુર્ગમ તેના વંશના કુસંસ્કાર મુજબ ક્રુર અને અસૂરી વૃત્તિનો હતો તેથી દુર્ગમાસૂર તરીકે ઓળખાતો. તેની અસૂરી માનસિકતા ત્રણે લોક પર અને દેવ- દાનવો અને મનુષ્યો પર રાજ કરવાની હતી અને તેના માટે દેવોના આશિર્વાદ જરૂરી હતા તેથી તેણે પ્રથમ એવું વિચાર્યું કે બ્રાહ્મણો, ઋષિ-મુનિઓ અને દેવતાઓનું બળ તેઓના વેદ- પુરાણો છે. એ કાબુમાં કરી લઈ તો દેવતાઓ શકિતહિન થઈ જશે. એવા સંકલ્પ સાથે તેણે બ્રહ્માજીને પ્રસન્ન કરવા કઠોર તપશ્ર્ચર્યા કરી. બ્રહ્માજીએ અંતે પ્રસન્ન થઈ વરદાન માંગવા કહ્યુ ત્યારે દુર્ગમાસૂરે એવું વરદાન માંગ્યું કે દેવ-દાનવો કે મનુષ્યો મને કયારેય જીતી ના શકે અને વચન પ્રમાણે બ્રહ્માજીએ તથાસ્તુ કહી દુર્ગમાસૂરને વરદાન આપી દીધુ. પછી તો નિરંકુશ દૈત્ય દુર્ગમાસૂરે અસૂરસેના સાથે ત્રણેય લોકને વશમાં કરવા કાળો કેર વર્તાવ્યો. વેદ-પુરાણોની શકિતને અસૂરી શકિતથી બંધનમાં લેતા બ્રાહ્મણો, ઋષિ-મુનિઓ વેદ-પુરાણોના શ્લોક -ઋચા -મંત્રો ભૂલવા લાગ્યા અને પૂજા-હવનો અટકી ગયા. જેના કારણે વરૂણદેવની પણ પૂજા-હવન, યજ્ઞો નહિ થતાં ધરતી પર વર્ષારૂપે વરસવાનું બંધ કરી દીધુ. 100 વર્ષના દુકાળે પ્રજા ત્રાહિમામ પોકારવા લાગી. ઋષિ-મુનિઓ અંતે દેવાધીદેવ મહાદેવ પાસે ગયા ત્યારે મહાદેવજી એ દુર્ગમાસૂરનું વરદાન યાદ કરાવી કહ્યું કે દેવ, દાનવો કે મનુષ્યોથી પરાજીત કદી ના થાશે પણ વરદાનમા દેવી શબ્દનો ઉલ્લેખ નથી તો આપ સૌ માં જગદમ્બાની શરણે જાઓ જેણે મહિષાસૂર, શુભ-નિશુંભ, ચંડ-મૂંડ જેવા દૈત્યનો સંહાર કરી ત્રણે લોકની રક્ષા કરી છે. ઋષિ-મૂનિઓ બ્રાહ્મણો અને પિડિત મનુષ્યોએ ભક્ત વત્સલા, કરૂણામયી માતા જગદમ્બાની પ્રાર્થના કરી ત્યારે કરોડો સૂર્યનું તેજ પણ ફિક્કુ પડી જાય તેવા દિવ્ય તેજોમય સ્વરૂપવાળી, અનંત નેત્રોથી વિભુષિત, ચારભૂજા ધારી, નિલારંગના દેહધારી ભગવતી માં જગદમ્બા પ્રગટ થયા. પિડિત મનુષ્યો, ઋષિ-મૂનિઓની પિડા જોઈ કરૂણામયી માતા



જગદમ્બાના અનંત નેત્રોમાંથી અશ્રુધારા વહેવા લાગી અશ્રુધારા સ્વરૂપે વહેતી જલધારાથી ધરતી તૃપ્ત થઈ ગઈ. નદી-સમુદ્રમાં નવા નીર વહેવા લાગ્યા અને સતત નવ દિવસ સુધી જળવૃષ્ટિ થતી રહી. મનુષ્યો ઋષિ-મૂનિઓ માતાજીની કૃપા પ્રાપ્ત થતા સ્તવનો, ગાથાઓ, ગુણગાન ગાવા સહિત મંત્રોચ્ચારથી યજ્ઞ-હવનો કરવા લાગ્યા. દુર્ગમાસૂરના ડરથી છુપાઈ ગયેલા દેવતાઓ પણ બહાર આવી માતા જગદમ્બાની સ્તુતિ કરવા લાગ્યા.

**સંસ્કૃતિ દર્શન**
**સનત દવે**

આ બાજુ દુર્ગમાસૂરને ખબર પડી કે તેના અંકુશમાં રહેલા દેવતાઓ, ઋષિ-મૂનિઓ અને મનુષ્યોમાં નવજીવનનો સંચાર થયો છે. ત્યારે મોટી અસૂરસેના લઈને જગદમ્બા સાથે યુદ્ધ કરવા આવી ચઢયો. માતાએ પ્રજાના રક્ષણાર્થે સુદર્શન ચક્રને આદેશ કર્યો એટલે તે અસૂર સેનાના કોઈપણ હુમલાનો સામનો કરતું થયું એટલે દુર્ગમાસૂરનો ક્રોધ ભભૂકી ઊઠયો અને માતા જગદમ્બા સમક્ષ આવી યુદ્ધ માટે લલકારવા લાગ્યો. ખૂબ શકિતશાળી અને કોઈ માત ના કરે તેવા અતિ આત્મવિશ્વાસ સાથે આક્રમણ કરવા તૈયાર દુર્ગમાસૂર ભૂલી ગયો હતો કે વરદાનમાં કોઈ દેવી તેને હરાવી ના શકે તેવું વચન નહિ માંગેલું આથી દેવી જગદમ્બાએ કાલિકા, બાળા, તારીણી, ભૈરવી, માતંગી, ત્રિપુરા, કામાક્ષી, જમ્ભિની, મોહની જેવી 64 શક્તિઓની તાકાત સાથે, અનેક આયુધોથી સુસજ્જીત રથ પર બિરાજીત થઈ યુદ્ધટંકાર કર્યો, મહાબળવાન અને શક્તિશાળી દુર્ગમાસૂર સાથે મહાભયાનક યુધ્ધ મધ્યાન્હ સુધી ચાલ્યુ અને અંતે દેવીએ એક સાથે પંદર બાણ છોડયા જેમાં એક બાણથી દૈત્યના રથની ધજા ઉડાવી દીધી. બીજા ચાર બાણે દૈત્યના રથના ચાર અશ્વને ઢાળી દીધા. એક બાણે રથનો સારથી વિંધાયો. અન્ય બે બાણે દુર્ગમાસૂરના નેત્રો વીંધી નાખ્યા. બે બાણથી દૈત્યની બંને ભૂજાઓ ઉડાવી દેવાઈ અને પાંચ બાણ સીધા જ દુર્ગમાસૂરની છાતી વીંધીને અસૂરના અસ્તિત્વનો વિનાશ કરી દીધો. દુર્ગમાસૂરની સમગ્ર અસૂરીશકિત તેમના અંત સાથે વિલુપ્ત થઈ હોવાથી વેદ-પુરાણોની શકિત મુક્ત થઈ જતા ઋષિ-મુનિઓ, દેવતાઓ અને બાહ્મણોને વેદવિદ્યા પુનઃ પ્રાપ્ત થઈ જતા જગદમ્બાના જયકારા સાથે આભારવશ ગુણગાન ગાવા લાગ્યા.

માતા જગદમ્બાના આ સ્વરૂપને શાકંભરી શતાક્ષી ( સો આંખોવાળી ), ભ્રામરી અને દુર્ગા તરીકે પણ લોકો પૂજે છે. અગાઉ જણાવ્યું તેમ અસૂરના ત્રાસથી 100 વર્ષના દુકાળ બાદ જગદમ્બા માતાના અનેક અશ્રુઓમાંથી અશ્રુરૂપી જળધારા વહેવા લાગેલી જેનાથી સુકી ધરા પર અનાજ, ફળ-ફૂલ, વનસ્પતિ, ઔષધીઓ અને શાકભાજી ઉગી નીકળતા પ્રસન્ન લોકોએ મા જગદમ્બાના આ સ્વરૂપને શાકંભરી તરીકે સ્વિકાર્યું છે. માર્કણ્ડેય પુરાણના ચંડીસ્તોત્રમાં, વામન પુરાણના 53માં અધ્યાયમાં ઉપરાંત દુર્ગા શપ્તસતીમાં માતા શાકંભરીની વિગતે કથા જોવા મળે છે. શાકંભરી માતાના દેશભરમાં અનેક મંદિરો છે. જેમાં મુખ્ય ત્રણ શકિતપીઠ તરીકે પૌરાણિક તિર્થધામ છે.


પ્રથમ શક્તિપીઠ રાજસ્થાનના સીકર જિલ્લામાં ઉદયપુરવાટી પાસે અરવલ્લીની પહાડીયો વચ્ચે આવેલું છે. પૌરાણિક કથાનુસાર મહાભારતના યુદ્ધમાં પીતરાઈભાઈઓના વધના પાપથી મુક્તિ મેળવવા યુધિષ્ઠિરે દેવી શાકંભરીની અહી સ્થાપના કરી પૂજા-અર્ચન કર્યું હતું. નાથ સંપ્રદાયનું વર્ચસ્વ પહેલેથી આ શક્તિપીઠ પર રહેલું છે. અહી ભવ્ય મંદિરના શિલાલેખોમાં ખંડેલવાલ વૈશ્યોની કુળદેવી શાકંભરી દેવી હોવાની વિગતો મળે છે. આ પૌરાણિક મંદિરનું પુનઃબાંધકામ સાતમી સદીમાં થયું હોવાનું પણ શિલાલેખો દ્વારા જાણવા મળે છે. શાકંભરી નવરાત્રિ દરમ્યાન નવ દિવસ ભવ્ય ઉત્સવો ઉજવાતા હોય છે. ત્યારે લોકજુવાળ ઉમટી પડે છે.


> અસૂરના ત્રાસથી 100 વર્ષના દુકાળ બાદ જગદમ્બા માતાના અનેક અશ્રુઓમાંથી અશ્રુરૂપી જળધારા વહેવા લાગેલી જેનાથી સુકી ધરા પર અનાજ, ફળ-ફૂલ, વનસ્પતિ, ઔષધિઓ અને શાકભાજી ઊગી નીકળતા પ્રસન્ન લોકોએ મા જગદમ્બાના આ સ્વરૂપને શાકંભરી તરીકે સ્વીકાર્યું છે

બીજી શકિત પીઠ રાજસ્થાનના જ સાંભર જિલ્લામાં શાકંભર નામે જ જાણીતા સ્થળે છે. સાંભરની અધિષ્ઠાત્રી દેવી અને ચૌહાણ રાજપૂત વંશની કુળદેવી તરીકે માતા શાકંભરી અહી સ્થાપિત છે. પૌરાણિક કથા મુજબ અસૂરોનાં કુલગુરુ શુક્રાચાર્યની પુત્રી દેવયાની અને રાજા યયાતિના લગ્ન આ સ્થળે થયા હતા. બાજુમાં આવેલું તળાવ દેવયાની તળાવ તરીકે ઓળખાય છે. તો બીજું એક તળાવ યયાતિની બીજી પત્ની શર્મિષ્ઠાના નામે ઓળખાય છે.

શાકંભરી માતાનું ત્રીજું શક્તિપીઠ ઉત્તર પ્રદેશના મેરઠ જિલ્લાના સહારનપુરથી 40 કિ.મી. ના અંતરે આવેલું છે. પૌરાણિક કથાનુસાર સતીના દેહના અલગ અલગ ભાગ જયાં પડયા હતાં તે 51 શકિતપીઠ અનુસાર અહીં સતીનું મસ્તક પડયું હતું તેથી અધિક મહત્ત્વ ધરાવતા આ શક્તિપીઠને બ્રહ્મપુરાણમાં સિદ્ધપીઠ તરીકે વર્ણવાયું છે. આઠમી સદીમાં અહીં મંદિરનું પુનઃસ્થાપત્ય શંકરાચાર્ય દ્વારા કરાયું હતું. અતિ ધાર્મિક મહત્ત્વતા ધરાવતા આ શકિત્પીઠમાં દર્શનાર્થે આવતા ભક્તોની ધારા સતત વહેતી રહે છે જે શાકંભરી નવરાત્રિ દરમ્યાન લોક જુવાળ માં પરિવર્તિત થઈ જાય છે.

શક્તિ ઉપાસકો અન્ય નવરાત્રિની માફક જ પૂજા, અર્ચન ઉપાસના શાકંભરી નવરાત્રિએ પણ કરતા હોય છે. માતાજીની કૃપાને પામવા, ઘર-પરિવારની કુશળતા તેમજ ધન-ધાન્યથી ઘરભંડાર ભર્યા રહે એવી અભ્યર્થના સાથે ભાવ-ભક્તિથી માતા શાકંભરીની યાચકો પૂજા-ઉપાસના કરે છે.










# એકાદશીના વ્રતથી મનુષ્ય પાપોથી મુકત થઈ જાય છે

વિક્રમ સંવત પ્રમાણે ગુજરાતી પંચાંગ પ્રમાણે પોષની સુદ અગિયારસને પુત્રદા એકાદશી કહેવાય છે. જેનો મહિમા ભગવાન કૃષ્ણ એ ધર્મરાજ યુધિષ્ઠિર ને કહ્યો છે, જેની કથા ભદ્રાવતી નગરીનાં રાજા સુકેતુમાનને અનુલક્ષીને કહેવામા આવી છે. આ ઉપરાંત વિક્રમ સંવત પ્રમાણે ગુજરાતી પંચાંગનાં દશમા માસ શ્રાવણની સુદ એકાદશીને પણ પુત્રદા એકાદશી કહે છે જેની કથા મહિજીત નામનો રાજા અને લોમેશ નામના ઋષિને અનુલક્ષીને કહેવામાં આવી છે. જે પુરાણોમાં પણ વાંચવા મળે છે. એક વખત યુધિષ્ઠિરે પ્રશ્ન પૂછ્યો કે હે વાસુદેવ શ્રીકૃષ્ણ પોષ સુદ એકાદશી ને કઈ એકાદશી કહેવામાં આવે છે આ એકાદશીનો મહિમા મને કહી સંભળાવો.

શ્રી બોલ્યાઃ "રાજન ! પ્રાચીન કાળની વાત છે. દ્વાપર યુગના પ્રારંભીનો સમય હતો. મહિષરના રાજા મહિજીત પોતાના રાજયનું પાલન કરતાં હતાં. પરંતુ એમને કોઈ પુત્ર ન હતો. આથી એ રાજય એમને સુખદાયક પ્રતિત થતું નહોતું. પોતાની અવદશા જોઈને રાજાને બહું ચિંતા થઈ. પ્રજાજનો ! આ જન્મમાં મારાથી કોઈ બાળક થયું નથી. મે મારા ખજાનામાં અન્યાયથી કમાયેલું ધન જમા કર્યું નથી, બ્રાહ્મણો અને દેવતાઓનું ધન પણ મે કયારેય લીધું નથી. પુત્રવ્રત પ્રજાનું પાલન કર્યું છે. ધર્મથી પૃથ્વી પર અધિકાર જમાવ્યો છે. દુષ્ટોને દંડ આપ્યો છે, પછી ભલે તેઓ બંધુ અને પુત્ર સમાન કેમ રહ્યો ન હોય ! શિષ્ટ પુરુષોનું સદાય સન્માન કર્યું છે અને કોઈને દ્વેષને પાત્ર ગણ્યા નથી પછી શું કારણ છે કે જેથી મારા ઘેર આજ સુધી પુત્ર ઉત્પન્ન થયો નથી ? રાજાના આ વચનો સાંભળીને પ્રજા અને પૂરોહિતોની સાને બ્રાહ્મણોએ એમના હિતનો વિચાર કરી ગહનવનમાં પ્રવેશ કર્યો. રાજાનું કલ્યાણ ઈચ્છનારા એ બધા લોકો આમ તેમ ફરીને ઋષિ મુનિયોની શોધ કરવા લાગ્યા. એટલામાં એમને મુનિશ્રેષ્ઠ લોમેશજીના દર્શન થયા. લોમેશજી ધર્મના તત્વજ્ઞ, સંપૂર્ણ શાસ્ત્રોના વિદ્વાન, દિર્ઘાયુ અને મહાત્મા હતા. એમનું શરીર લોમથી ભરેલું હતું તેઓ બ્રહ્માજી સમાન તેજસ્વી હતાં. એમના શરીરનો એક એક લોમ ખરતો. આથી એમનું નામ લોમેશ પડ્યું હતું. એ મહામુનિ ત્રણેય કાળની વાતો જાણતા હતાં. "

**ધર્મરંગ**
**વ્યોમા સેલર**

એમને જોઈને બધા લોકોને બહું આનંદ થયો. લોકોને પોતાની પાસે આવેલ જોઈને લોમેશજીએ પૂછયું. તમે બધા લકો અહીં શા માટે આવ્યા છો? તમારા આગમનનું કારણ જણાવો ? તમારા માટે જે હિતકર કાર્ય હશે એ હું અવશ્ય કરીશ. બ્રાહ્મણ આ સમયે અમારા મહીજીત નામના જે રાજા છે. એમને કોઈ પુત્ર નથી. અમે લોકો એમની જ પ્રજા છીએ. અમારું એમણે પુત્રની જેમ પાલન કર્યું છે. એમને પુત્ર હીન જોઈને એમના દુઃખથી દુઃખી થઈને અમે તપસ્યા કરવાનો દૃઢ નિશ્ચય કરીને અહીં આવ્યા છીએ. હે મહામુની ! રાજાના આ સમયે અમને આપના દર્શન થયા છે. મહાપૂરુષોના દર્શનથી જ મનુષ્યોના સઘળાં કાર્યો સિદ્ધ થઈ જાય છે. મુનિશ્રી ! હવે અમને એ જણાવો કે કયું કર્મ કરવાથી અમારા રાજાને પુત્ર પ્રાપ્તિ થાય !"

એમની વાત સાંભળીને મહર્ષિ લોમેશ બેઘડી સુધી ધ્યાનમગ્ન થઈ ગયા. ત્યારબાદ રાજાના પૂર્વજન્મનો વૃતાંત જાણીને એમણે કહ્યું : "પ્રજાજનો ! તમારા રાજા પૂર્વ જન્મમાં મનુષ્યનું લોહી ચુસનારો ક્રુર વૈશ્ય હતો. એ વૈશ્ય ગામડે ગામડે ફરીને વ્યપાર કરતો હતો. એક દિવસ જેઠના શુકલ પક્ષમાં એકાદશી તિથિએ જયારે બપોરનો સૂર્ય તપતો હતો ત્યારે એ કોઈ ગામની સીમમાં એક જળાશયે પહોચ્યો. પાણીથી ભરેલી વાવડી જોઈને વૈશ્યે ત્યાં પાણી પીવાનો વિચાર કર્યો. એટલામાં

> પુત્રદા એકાદશીના વ્રતથી મનુષ્ય પાપોથી મુકત થઇ જાય છે. તથા ઇન્દ્ર લોકમાં સુખ મેળવીને પરલોકમાં સ્વર્ગીય ગતિને પ્રાપ્ત થાય છે

ત્યાં પોતાની વાછરડાંની ગાય પણ આવી પહોંચી. એ તરસથી પિડિત અને તાપથી વ્યાકુળ હતી. આથી વાવડીમાં જઈને પાણી પીવા લાગી. વૈશ્યે પાણી પીતી ગાયને હાંકીને દૂર હટાવી દીધી અને પોતે પાણી પીધુ. ગાયની આંતરડી કકળાવાના પાપ કર્મના કારણે રાજા આ સમયે પુત્રહીન થયો છે. બીજા કોઈ જન્મમાં પૂણ્યથી એને રાજયની પ્રાપ્તિ થઈ છે."

પ્રજાજનોએ કહ્યું : પુરાણોમાં ઉલ્લેખ છે કે પ્રાયશ્ચિત રુપે પૂણ્યથી પાપો નષ્ટ થાય છે. માટે એવા પૂણ્યકર્મનો ઉપદેશ આપો કે જેનાથી અમારા રાજાના પાપ નષ્ટ થઈ જાય અને એમને પુત્રરત્ન પ્રાપ્ત થાય

લોમેશજી બોલ્યાઃ શ્રાવણ માસના શુકલ પક્ષમાં જે એકાદશી આવે છે એ "પુત્રદા" ના નામે વિખ્યાત છે. એ મનોવાંચ્છિત ફળ આપનારી છે. તમે લોકો એનું વ્રત કરો, અને એનું પૂણ્ય તમારા રાજાને અર્પણ કરો, જેથી રાજાને જરૂર સંતાન થશે." આ સાંભળીને મુનિને નમસ્કાર કર્યા અને નગરમાં આવીને વિધિપૂર્વક "પુત્રદા" એકાદશીના વ્રતનું અનુષ્ઠાન કર્યું. એમણે વિધિપૂર્વક જાગરણ પણ કર્યું. અને એનું નિર્મળ પૂણ્ય રાજાને અર્પણ કરી દીધુ. ત્યારબાદ રાણીએ ગર્ભ ધારણ કર્યો અને પ્રસવનો સમય આવતા તેજસ્વી પુત્રને જન્મ થયો. આખા રાજયમાં આનંદ છવાઈ ગયો. પુત્રદા એકાદશીના વ્રતથી મનુષ્ય પાપોથી મુકત થઈ જાય છે. તથા ઈન્દ્ર લોકમાં સુખ મેળવીને પરલોકમાં સ્વર્ગીય ગતિને પ્રાપ્ત થાય છે. એવુ કહેવાય છે કે, રાજા અને સમગ્ર પ્રજાએ પુત્રદા એકાદશીનુ પ્રેમપુર્વક વ્રત કર્યુ જેનાપ્રભાવે મહિજિત રાજાની રાણીએ પુત્ર રત્નને જન્મ આપ્યો,પુત્રની ઈચ્છા રાખનારી વ્યક્તિએ પુત્રદા એકાદશીનુ વ્રત અવશ્ય કરવુ જોઈએ , પુત્રદા એકાદશીની વ્રત કથા, તેનો મહિમા અને માહાત્મય કે કથાનુ વંચન કરવાથી સર્વ પાપો નષ્ટ થઈ જાય છે અને તે મનુસ્યનો વૈકુંઠમા વાસ થાય છે.